# Sample Paper :2011
# Class X
# Subject : Gujarati

The question paper is divided in to four sections

| | | |
|---|---|---|
| Section : A : | Reading Comprehension | 09 Marks |
| Section : B : | Writing | 16 Marks |
| Section : C : | Grammar | 15 Marks |
| Section : D : | Literature(Text Book) | 40 Marks |

- All questions are compulsory
- Marks are indicated against each question

## Section : A : Reading Comprehension(09 Marks)

પ્રશ્ન :૧ (અ) નીચનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબનો વિકલ્પ શોધી સાચો જવાબ લખો. ૦૫

ઘણા લોકો ફરિયાદ કરતા હોય છે કે તેમને ગાઢ નિંદ્રા આવતી નથી, તો તેનું કારણ છે ભોજન વધુ પડતું કરવું. સારી ઊંઘ આવવા માટે રાત્રે ઓછું ખાવું. ભોજનમાં હળવો ખોરાક લો અથવા થઈ શકે તો રાત્રે જમવાનું ટાળો, એવી ઘણી વાતો તમે સાંભળી હશે, પરંતુ સાચું શું ? સારી ઊંઘ મેળવવા માટે ચોક્કસ ખાદ્ય પદાર્થની પસંદગી કરવી જરૂરી છે. વડીલોને એમ કહેતા જરૂર સાભળ્યું હશે કે સૂતા પહેલા એક ગ્લાસ દૂધ પીવું ફાયદાકારક હોય છે અને એ વાત સાચી છે. આ સિવાય કેળું ખાવું પણ ઉતમ પર્યાય છે. કેળામાં શામેલ તત્વો ઊંઘ આવવા માટે સહાયક હોય છે. સામાન્ય રીતે લોકોનું માનવું છે કે કાર્બોહાઈડ્રેટ ફકત સ્થૂળતા વધારે છે, પરંતુ એવું નથી. કાર્બોહાઈડ્રેટ તમારામાં ઊર્જાનું સિંચન કરે છે અને ઊંઘ લાવવામાં પણ લાભદાયી હોય છે. ઘણા લોકો સૂતા પહેલા કોફી પીતા હોય છે, પરંતુ તે ઘણું હાનિકારક છે. આઈસ ટી પણ તમારી ઊંઘ બગાડી શકે છે.

પ્રશ્નો :

(૧)ઊંઘ ન આવવાનું કારણ શું છે ?
(અ)ભોજન ન કરવું
(બ)ભોજન ઓછું કરવું
(ક) ભોજન વધુ પડતું કરવું

(૨)ચોક્કસ ખાદ્ય પદાર્થ ખાવાથી શું થાય ?
(અ)માંદા ન પડાય
(બ)સારી ઊંઘ મળે
(ક) વડીલોની વાત માની ગણાય

(૩)સૂતી વખતે દૂધ પીવા સિવાયનો પર્યાય શું છે ?
(અ)કેળું ખાવું

(બ) કાર્બોહાઈડ્રેટવાળા ખોરાક ખાવા
(ક)કોફી પીવી

(૪)સામાન્ય રીતે લોકો કાર્બોહાઈડ્રેટ વિષે શું માને છે ?
(અ) તે ઊર્જાનું સિંચન કરે છે
(બ) તે ઊંઘ લાવવામાં લાભદાયી હોય છે
(ક) તે ફકત સ્થૂળતા વધારે છે

(૫)સૂતા પહેલા કઈ બે બાબતો હાનિકારક છે ?
(અ)કેક અને આઈસક્રીમ ખાવા
(બ)વાતો કરવી અને ટીવી જોવું
(ક) કોફી અને આઈસ ટી પીવા

(બ) નીચેનો ગદ્યખંડ વાંચી ૧/૩ ભાષામાં સંક્ષેપ કરો. ૦૪

મનુષ્યના બધા સદ્ગુણો ભેગા મળે તેને ચારિત્ર્ય કહેવામાં આવે છે. ચારિત્ર્યથી જ માનવી શકિતશાળી અને તેજસ્વી બને છે. લોકો કહે છે કે "જ્ઞાન એ જ શકિત છે." પરંતુ હું તો વ્યકિતગત રીતે દાવાપૂર્વક કહું છું કે "ચારિત્ર્ય એ જ શકિત છે." ચારિત્ર્ય વિના જ્ઞાનપ્રાપ્તિ શકય જ નથી. ચારિત્ર્યહીન વ્યકિત આ સમાજમાં મૃતપ્રાય છે. સમાજ તેને તિરસ્કાર અને ઉપેક્ષાની નજરે જોશે. તમારે જીવનમાં સફળ થવું હોય, બીજાને પ્રભાવિત કરવા હોય, આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવાની ઈચ્છા હોય, તો તમારે નિષ્કલંક ચારિત્ર્ય પ્રાપ્ત કરવું જોઈએ. શંકરાચાર્ય, બુદ્ધ, ઈશુ અને એવા પ્રાચીન દેવતાઓના નામ આજે પણ લેવામાં આવે છે. કારણ કે તેમનું ચારિત્ર્ય દિવ્ય અને અદ્ભુત હતું. તેઓ પોતાના ચારિત્ર્યના બળે જ બીજાને પ્રભાવિત કરાવી શકયા હતા. ચારિત્ર્ય જીવનનો સ્તંભ છે.

## Section : B : Writing (16 Marks)

પ્રશ્ન :૨(અ) નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય પર આશરે ૧૫૦ શબ્દોમાં નિબંધ લખો. ૦૭

૧. શિયાળાની સવાર

૨. મારો યાદગાર પ્રવાસ

૩.એક ભીખારીની આત્મકથા

૪.મોંઘવારીની માયાજાળ

(બ) તમારે કમ્પ્યુટર એન્જિનિઅર બનવું છે તેની જાણ કરતો પત્ર તમારા પિતાશ્રીને લખો. ૦૪

અથવા

તમારા વિસ્તારમાં અપૂરતી પાણીની વ્યવસ્થા અંગે પાણીપૂરવઠા ખાતાના અધિકારીને પત્ર લખો.

પ્રશ્ન :૩ નીચે આપેલા મુદ્દાઓ પરથી આશરે ૧૦૦ શબ્દોમાં વાર્તા લખો. ૦૫

એક વેપારી – સોનાના ઘરેણાંની ચોરી – બધા નોકરોને બોલાવવા – એક નોકર પર શંકા – યુકિત – દરેક નોકરને સરખી લંબાઈની લાકડી આપવી – 'ચોરની લાકડીની લંબાઈ પાંચ સે.મી. વધી જશે' તેમ જણાવવું – બીજા દિવસે એક લાકડી ટૂંકી માલૂમ પડવી – ચોર પકડાઈ જવો – બોધ

## Section : C : Grammar (15 Marks)

પ્રશ્ન :૪(અ) નીચેના રૂઢિપ્રયોગોના અર્થ લખી વાકયમાં પ્રયોગ કરો. ૦૩

૧.મસલત કરવી

૨.આળસ ખંખેરવી

૩.એકના બે ન થવું

(બ) નીચેના વાકયો સુધારીને લખો. ૦૩

૧.કબાટથી કપડાં રાખ્યા છે.

૨.કાલેલકર મહારાષ્ટ્રના લેખક હતું.

૩.વાર્ષિક પરીક્ષામાં એંશી ટકાને અક્ષય આવશે.

(ક) કૌંસમાં આપેલ સૂચના મુજબ જવાબ લખો. ૦૯

૧.તેનું રૂપ અદ્ભુત છે.(ઉદ્ગાર વાકય બનાવો)

૨.હું તમને તકલીફ આપવા માંગતો નથી.(હકારાત્મક વાકય બનાવો)

૩.કુદરત રૂઠે ત્યારે બધાંય લાચાર બની જાય છે.(પ્રશ્નવાકય બનાવો)

૪.તેણે બધા જવાબો સાચા લખ્યા છે.(નકારાત્મક વાકય બનાવો)

૫.કેટલું બધું કામ બાકી છે ?(વિધાન વાકય બનાવો)

૬.નયનને બંધ રાખીને મેં તમને જોયા છે.(સમાનાર્થી વાકય બનાવો)

૭.ખુબ જ નવાઈની વાત છે.(ઉદ્ગાર વાકય બનાવો)

૮.હું તમને કાલે મળવા આવીશ નહિ.(હકારાત્મક વાકય બનાવો)

૯.તમારી જવાબદારી મારા પર છે.(નકારાત્મક વાકય બનાવો)

## Section : D : Literature Text Book (40 Marks)

પ્રશ્ન :૫(અ) કારણો આપો.(કોઈ પણ બે) ૦૪

૧. ગાંધીજીને દેશગમન જરૂરી લાગ્યું.

૨. એક વાર રમણ આકુળવ્યાકુળ થયો ગયો.

૩. ‘દક્ષિણામૂર્તિ’ લેખક માટે વિશ્વવિદ્યાલય બની ગયું.

૪. મહેતાજીએ કહ્યું ‘હવે પેન્સિલનું લાકડુ સારું નથી આવતું’

(બ) માત્ર એક વાકયમાં જવાબ લખો.(કોઈ પણ ચાર) ૦૪

૧. લેખક કઈ પંચપટરાણીઓની વાત કરે છે ?

૨. ગાંધીજીને કોની કાવ્યપંકિત યાદ આવે છે ?

૩. રમણનું પરાનું મકાન કેવું હતું ?

૪. ગૌરીશંકરે લેખકને મજાકમાં શું કહ્યું ?

૫. લેખક મનુભાઈ પંચોળીને કયો ભેદ સમજાઈ ગયો ?

૬. ઈસ્કોતરો એટલે શું ?

પ્રશ્ન :૬(અ) ટૂંકમાં જવાબ લખો.(કોઈ પણ બે) ૦૪

૧. ‘ધરતીનો જયાં છેડો આવે તે ઘર’ એવું લેખક યજ્ઞેશ દવેને કેમ લાગે છે ?

૨. લેખક રતિલાલ ‘અનિલ’ને કાવ્ય રચવા જેવી બીજી કઈ પ્રવૃતિઓ જણાય છે ?

૩. ધર્મપ્રચારની સમજ લેખકને કેવી રીતે સ્પષ્ટ થઈ ?

(બ) નીચેનામાંથી કોઈ પણ બે પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો. ૦૮

૧. ભેટ સંદર્ભે ગાંધીજીનું મનોમંથન વર્ણવો.

૨. રમણનો આકાશદર્શનનો શોખ તમારા શબ્દોમાં લખો.

૩. ટૂંક નોંધ લખો :શિક્ષણ, વહિવટ અને નાનાભાઈ

પ્રશ્ન :૭(અ) નીચેની કાવ્યપંકિત વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. ૦૪

કાલિન્દીના જલ પર ઝૂકી પૂછે કદંબડાળી
યાદ તને બેસી અહીં વેણું વાતા’તા વનમાળી ?

પ્રશ્નો :

૧. કાલિન્દી એટલે શું ?

૨. કદંબડાળી કોને શું પૂછે છે ?

એ લોકો પહેલાં કાપડના તાકા ભરી રાખે છે

પછી જયારે ઉઘાડો માણસ ફાટી જાય છે ત્યારે વાર વાર વેચે છે.

૩. આ કાવ્યપંકિત કયા કાવ્યમાંથી લેવામાં આવી છે અને તેના કવિ કોણ છે ?

૪. સંઘરાખોરો કાપડ કયારે વેચવા કાઢે છે ?

(બ) ટૂંકમાં જવાબ આપો. (કોઇ પણ બે) ૦૪

૧. કવિ મૃતપત્નીને કઇ સામગ્રી ધરવાનું કહે છે? શા માટે ?

૨. 'આવ્યો છું તો' કાવ્યના કવિની મનની ઇચ્છા જણાવો.

૩. કવિએ 'એ લોકો'ને કોની સાથે સરખાવ્યા છે ? શા માટે ?

પ્રશ્ન :૮(અ) માત્ર એક જ વાકયમાં જવાબ લખો. ૦૪

૧. કવિ પલને શેની સાથે સરખાવે છે ?

૨. બગલાનું તન અને મન કેવું હોય છે ?

૩. કાજળ અને મોતીના ઉદાહરણ શી શીખ આપે છે ?

૪. કવિ આંખોને સંબોધીને શું કહે છે ?

(બ) નીચેનામાંથી કોઇ પણ બે પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (આશરે ૮૦ શબ્દોમાં) ૦૮

૧. 'છેલ્લું દર્શન' કાવ્યના આધારે કવિનો પત્ની પ્રત્યેનો પ્રેમ વર્ણવો.

૨. 'પલ' કાવ્યના આધારે સમયનાં જુદાં જુદાં રૂપો ઉદાહરણ સાથે લખો.

૩. પ્રથમ મુકતકમાં ગુણનું મહત્વ કઇ રીતે સમજાવાયું છે ?

.................

*આ પ્રશ્નપત્રની ખામીખૂબી માટે શિક્ષકો અને વિદ્યાર્થીઓ તરફથી અભિપ્રાય આવકાર્ય છે. ગુજરાતી વિષય અંગેની વધુ નીઃશુલ્ક જાણકારી માટે સંપર્ક :*

deedardilwala@yahoo.com
hemanideedar3@gmail.com
[M] 09975 112970
Didar Hemani
Sidharth Nagar,
Mominbhai's House
Near Gyan Ganga School
Panchgani-412805[MS]
Dist : Satara